| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૬/૦૮/૨૦૨૨ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪૫૯/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**

**તા.૧૫/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૧ | ૩૮,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી, ૫૨ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૧,૯૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૧/૨૦૨૨**

**“કે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ યુસુફભાઇ** ઇસ્માઇલભાઇ શા (ઉ.વ.૫૫)(રહે.ફૈસલનગર ખતીજા મસ્જીદની પાસે, બોમ્બે હોટલ દાણીલીમડા) તા.૧૪/૦૮/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે નારોલ સર્કલથી ચંડોળા તરફ જતા આસ્ટોડીયા ભજીયા હાઉસ સામે બી.આર.ટી.એસ. રૂટમાં પોતાના મિત્ર આરીફખાન મહેબુબખાન પઠાણની એક્સેસ ગાડી પાછળ બેસી પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે.૨૭.બી.ડી.૧૪૫૧ ના ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્સેસ સ્કુટરને ટક્કર મારતા યુસુફભાઇના મિત્ર આરીફખાન અને યુસુફભાઇને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૦૮/૨૦૨૨ રાતના ૧૨/૦૦ વાગે યુસુફભાઇ શા નાઓનુ મૃત્યુ નિપજયું હતું. આ અંગેની ફરીયાદ મરણ જનાર યુસુફભાઇ શા ના પુત્ર અસલમ શા એ “કે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૨/૨૦૨૨**

**મેઘાણીનગરઃ** પ્રવિણભાઇ સોહનલાલ પ્રજાપતિ (ઉ.વ.૩૮)(રહે.તેજાજી કાળુજીની ઘીવાળી ચાલી સામે ચમનપુરા મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૮/૨૦૨૨ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રતનસિંહ હરીસિંહ ચલાવે છે.

**દાણીલીમડાઃ (૧)** નંદુબહેન વિનોદભાઇ પરમાર (ઉ.વ.૧૪)(રહે.મોચીવાસ, રામદેવપીરની ચાલી ખોડીયારનગર બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૮/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ લઇ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

**દાણીલીમડાઃ** (૨) મીતાલી રતનભાઇ બુરાઇ (ઉ.વ.૨૫)(રહે.શીવકૃપા ફ્લેટ બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૮/૨૦૨૨ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “કે” ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી